(૧૦)

**પ્ર.૧ (અ) નીચેના શબ્દોના અર્થ લખી કયા પાઠમાં આવે છે? તે લખો.** **(૫)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. જાણી પ્રીછી | **જાણીને, ઓળખ્યા છતાં** | **પહેલા અણુવ્રતમાં** |
| ૨. સુક્કેસુ વા | **વીર્ય (શુક્ર) માં ઊપજે તો** | **ચૌદ સંમૂર્ચ્છિમમાં** |
| ૩. અઈયારો | **અતિચાર** | **પ્રતિક્રમણના બીજા–ત્રીજા પાઠમાં, પહેલા–ત્રીજા શ્રમણસૂત્રમાં** |
| ૪. આરાહણાએ | **આરાધનામાં** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| ૫. પાયચ્છિત્ત | **પ્રાયશ્ચિત્તની, પ્રાયશ્ચિત્ત** | **કાઉસ્સગ્ગ આવશ્યકમાં, સામાયિકના ચોથા પાઠમાં** |

**(આ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૫)**

૧. નમોત્થુણંમાં બીજા નામ કયા છે?

**જ. શક્રસ્તવ અને પ્રણિપાત સૂત્ર.**

૨. જ્ઞાન એટલે શું? તે કેટલા છે?

**જ. વસ્તુને વિશેષ સ્વરૂપે જાણવું તે જ્ઞાન. તે પાંચ છે.**

૩. દંડ કોને કહે છે?

**જ. મન,વચન, કાયાની અશુભ પ્રવૃત્તિ કે જેનાથી આત્મા દંડાય તેને દંડ કહેવાય છે.**

૪. પરિષહ એટલે શું? તે કેટલા છે?

**જ. મોક્ષમાર્ગમાં સ્થિર રહેવા અને કર્મ નિર્જરાના હેતુથી જે સમભાવપૂર્વક સહન કરવામાં આવે છે તે પરિષહ. તે ૨૨ છે.**

૫. સર્વાર્થસિદ્ધથી સિદ્ધ વચ્ચેનું અંતર કેટલું છે?

**જ. સર્વાર્થસિદ્ધથી સિદ્ધ વચ્ચેનું અંતર ૧૨ યો.+૮ યો. સિદ્ધશીલાની જાડાઈ મળીને ૨૦ યો. સાધિક છે.**

(૭૫)

**પ્ર.૨ (અ) પુચ્છિંસ્સુણં સૂત્રના આધારે જવાબ લખો.** **(૩૦)**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૨૦)**

૧. પુટ્ઠે નભે ચિટ્ઠઈ ભૂમિવટ્ઠિએ, **જં સૂરિયા અણુપરિવટ્ટયંતિ ।**
**સે હેમવણ્ણે બહુણંદણે ય, જંસી રતિં વેદયંતિ** મહિંદા ।।

**અર્થ : તે મેરુપર્વત ભૂમિ સ્થિત રહીને પણ આકાશને સ્પર્શી રહ્યો છે એટલે ત્રણ લોકને સ્પર્શી રહ્યો છે. તેની આજુબાજુ સૂર્ય પ્રદક્ષિણા કરે છે, સુવર્ણ જેવી કાંતિવાળો છે અને અનેક નંદનવનોથી શોભી રહ્યો છે, જેના પર મોટા ઈન્દ્રો આવીને પણ આનંદ અનુભવે છે.**

૨. ઉડ્ઢં અહે યં તિરિયં દિસાસુ, **તસા ય જે થાવર જે ય પાણા ।**
**સે ણિચ્ચણિચ્ચેહિ સમિક્ખપણ્ણે, ઉવટ્ઠિએ દીવે વ ધમ્મં સમિયં** ઉદાહુ ।।

**અર્થ : પ્રજ્ઞાવંત મહાવીરે ઉપર, નીચે તથા તિરછી દિશામાં રહેલા ત્રસ તથા સ્થાવર પ્રાણીઓને દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય જાણીને, પદાર્થોને પ્રકાશિત કરનાર સમ્યક્ ધર્મનું કથન કરેલ હતું.**

૩. ગિરિવરે વા નિસિહાયયાણં, **રુયએ વ સેટ્ઠે વલયાયતાણં ।**
**તઓવમે સે જગ ભૂઈપણ્ણે, મુણીણ મજ્ઝે તમુદાહુ** પણ્ણે ।।

**અર્થ : જેમ લાંબા પર્વતોમાં નિષધ પર્વત, ગોળ પર્વતોમાં રુચક પર્વત શ્રેષ્ઠ છે તેવી ઉપમાએ પ્રાજ્ઞ શ્રી મહાવીર દેવ મુનિઓ વચ્ચે જગતમાં સર્વથી શ્રેષ્ઠ હતા.**

૪. પુઢોવમે **ધુણઈ વિગયગેહી, ન સણ્ણિહિં કુવ્વઈ આસુપણ્ણે ।**
**તરિઉં સમુદ્દં ચ મહાભવોઘં, અભયંકરે વીર** અણંતચક્ખૂ ।।

**અર્થ : પૃથ્વી જેમ સર્વને આધારભૂત છે તેમ શ્રી મહાવીર દેવ પણ સર્વને આધારભૂત છે. કર્મોને ક્ષય કરનાર, બાહ્ય અને આભ્યંતર સન્નિધિમાં ગૃદ્ધિ ન કરનાર, પ્રજ્ઞાવાન, મહાન ભવસમુદ્રને પાર કરનાર, અભય દેનારા, શૂરવીર અને અનંત ચક્ષુવાળા હતા.**

૫. સે વારિયા **ઈત્થી સરાઈભત્તં, ઉવહાણવં દુક્ખખયટ્ઠયાએ ।**
**લોગં વિદિત્તા આરંપારં ચ, સવ્વં પભૂ વારિયં** સવ્વવારં ॥

**અર્થ : તે ભગવાને રાત્રિભોજન સહિત સ્ત્રી સંસર્ગ ત્યાગીને દુઃખ ક્ષય માટે ઉપધાન તપથી દેહ સૂકવી નાંખ્યો. આલોક અને પરલોકના સ્વરૂપને જાણીને સર્વ પાપસ્થાનકોને પ્રભુએ નિવાર્યા.**

**(૨) નીચેના શબ્દોના અર્થ લખો. (૩)**

| | જવાબ | | જવાબ | | જવાબ |
|---|---|---|---|---|---|
| ૧. સોચ્ચા ય | **સાંભળીને** | ૨. કુવ્વઈ | **કરે** | ૩. મહેસી | **મહર્ષિ** |
| ૪. ઉદ્હીણ | **સમુદ્રોમાં** | ૫. વીરિએણં | **બળથી** | ૬. ધીરે | **ધીરજવાળા** |

**(૩) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો. (૩)**

૧. અંદર – **હેટ્ઠ** ૨. તેવી ઉપમાએ – **તઓવમે** ૩. અનવદ્ય – **અણવજ્જં**

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૪)**

૧. પાખંડીના સ્થાન કયા છે? તે બતાવતી ગાથા લખો. (અર્થ નહિ)

**જ. કિરિયાકિરિયં વેણઈયાણુવાયં, અણ્ણાણિયાણં પડિયચ્ચ ઠાણં ।**
**સે સવ્વવાયં ઈઈ વેયઈત્તા, ઉવટ્ઠિએ સંજમ દીહરાયં ॥**

૨. તે પ્રમાણે અમને કહો તે બતાવતી ગાથા લખો.

**જ. કહં ચ નાણં કહં દંસણં સે, સીલં કહં નાયસુયસ્સ આસિ?**
**જાણાસિણં ભિક્ખુ જહાતહેણં, અહાસુયં બોહિ જહા ણિસંતં ॥**

**(આ) કાયસ્થિતિના આધારે જવાબ લખો. (૩૦)**

**(૧) કોઠો બનાવીને નીચેના બોલની જઘન્ય અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ લખો. (૧૦)**

૧. પુરુષવેદ ૨. અભાષક સંસારી ૩. અવધિદર્શન ૪. મિશ્ર દષ્ટિ ૫. કાપોત લેશ્યા
૬. મન યોગ ૭. વિભંગજ્ઞાન ૮. સકાયી પર્યાપ્ત ૯. પર્યાપ્ત દેવ ૧૦. અસંજ્ઞી

**જ.**

| **બોલનું નામ** | **જઘન્ય સ્થિતિ** | **ઉત્કૃષ્ટ સ્થિતિ** |
|---|---|---|
| ૧. પુરુષવેદ | **અંતર્મુહૂર્ત** | **પ્રત્યેક સો સાગર સાધિક** |
| ૨. અભાષક સંસારી | **અંતર્મુહૂર્ત** | **અનંતકાળ (વનસ્પતિકાળ)** |
| ૩. અવધિદર્શન | **૧ સમય** | **૧૩૨ સાગર અધિક** |
| ૪. મિશ્ર દષ્ટિ | **અંતર્મુહૂર્ત** | **અંતર્મુહૂર્ત** |
| ૫. કાપોત લેશ્યા | **અંતર્મુહૂર્ત** | **૩ સાગર, પલ્યનો અસં. ભાગ અધિક** |
| ૬. મન યોગ | **૧ સમય** | **અંતર્મુહૂર્ત** |
| ૭. વિભંગજ્ઞાન | **૧ સમય** | **૩૩ સાગર ને દેશે ઊણું પૂર્વક્રોડ અધિક** |
| ૮. સકાયી પર્યાપ્ત | **અંતર્મુહૂર્ત** | **પ્રત્યેક સો સાગર સાધિક** |
| ૯. પર્યાપ્ત દેવ | **૧૦૦૦૦ વર્ષમાં અંત. ઊણી** | **૩૩ સાગરમાં અંત. ઊણી** |
| ૧૦. અસંજ્ઞી | **અંતર્મુહૂર્ત** | **વનસ્પતિકાળ** |

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૫)**

૧. ભવસ્થિતિ એટલે શું? પુઢવીકાળ અને વનસ્પતિકાળની વ્યાખ્યા લખો. (૫)

**જ. ભવસ્થિતિ – એક ભવમાં જેટલો કાળ રહે તેટલો કાળ તે ભવ સ્થિતિ. જેમ કે પૃથ્વીકાયની ભવ સ્થિતિ જ. અંત. ઉ. ૨૨૦૦૦ વર્ષની.**

**પુઢવીકાળ – દ્રવ્યથી અસંખ્યાતી અવસર્પિણી ઉત્સર્પિણી કાળ, ક્ષેત્રથી અસંખ્યાતા લોકના આકાશપ્રદેશ ખાલી થાય તેટલો કાળ, કાળથી અસંખ્યાતો કાળ, ભાવથી આંગુલના અસંખ્યાતમા ભાગ જેટલો લોક.**
**વનસ્પતિકાળ – દ્રવ્યથી અનંતી અવસર્પિણી ઉત્સર્પિણી કાળ, ક્ષેત્રથી અનંતો લોક, કાળથી અનંતો કાળ, ભાવથી અસંખ્ય પુદ્ગલ પરાવર્તન. તે આવલિકાના અસંખ્યાતમા ભાગમાં જેટલા અસંખ્યાતા સમય જાય તેટલા પુદ્ગલ પરાવર્તન.**

૨. વર્તમાને ઈરવતમાં કેટલા અને કયા કયા ચારિત્ર છે? તેની સ્થિતિ લખો. (૪)

**જ. વર્તમાને ઈરવતમાં બે ચારિત્ર હોય – સામાયિક અને છેદોપસ્થાપનીય.**
**બંનેની સ્થિતિ – જ. ૧ સમય ઉ. દેશે ઊણું પૂર્વક્રોડ વર્ષ. (૧૦૦ વર્ષ ઝાઝેરું)**

૩. અસ્તિકાય દ્વારમાં અસ્તિકાય કેટલા છે? કયા કયા? તેની સ્થિતિ કેટલી છે? (૨×૩)

**જ. અસ્તિકાય દ્વારમાં અસ્તિકાય ચાર છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય. તેની સ્થિતિ સર્વકાળ છે.**

૪. પર્યાપ્તાની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ કેટલી છે? શા માટે?

**જ. પર્યાપ્તાની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ પ્રત્યેક સો સાગર સાધિક છે. પર્યાપ્તા જીવ પ્રત્યેક સો સાગર સાધિક સુધી ચારે ગતિમાં જેટલા ભવ કરે તે દરેક ભવમાં પર્યાપ્તા થઈને જ કાળ કરે. અપર્યા. અવસ્થામાં કાળ કરે જ નહિ.**

૫. મનયોગની જઘન્ય કાયસ્થિતિ એક સમય અને કાયયોગની જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્તની શા માટે?

**જ. જ્યારે કોઈ જીવ કાયયોગથી પ્રથમ સમયે મન યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે, બીજા સમયે તેને મન રૂપમાં પરિણત કરીને મૃત્યુ પામે છે. ત્યારે તે જીવ એક સમય માટે મનયોગી થશે કારણ ત્યારપછીના સમયે તે વાટે વહેતો હોવાથી ફરીથી કાયયોગી થશે. સંસારી જીવોમાં કાયયોગ જઘન્ય અંત. સુધી જ હોય છે અને વાટે વહેતામાં કાર્મણ કાયયોગી થઈ જાય છે માટે.**

**(૩) ખાલી જગ્યા પૂરો. (૫)**

| | **જવાબ** |
|---|---|
| ૧. બે હજાર સાગર પછી જીવ ....... માંથી નીકળીને ....... માં જાય છે. | **ત્રસ, સ્થાવર** |
| ૨. ....... અને ........ માં નિયમા અંતર્મુહૂર્તમાં લેશ્યા બદલાય છે. | **મનુષ્ય, તિર્યંચ** |
| ૩. સંયતિના ગુણસ્થાન ........ અને શ્રાવકના ગુણસ્થાન ....... છે. | **૬ થી ૧૪, પાંચમું** |
| ૪. ........ થી ........ માં દરેક જીવ સળંગ સંખ્યાતા ભવ સુધી જ રહી શકે છે. | **બેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય** |
| ૫. કાય અપરિત્ત એટલે ....... ....... . | **સાધારણ શરીરી** |

**(ઇ) બાર તપના આધારે જવાબ લખો. (૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૨)**

૧. ઉપકરણ દ્રવ્ય ઉણોદરીનું સ્વરૂપ લખો. તે કયા તપનો ભેદ છે?

**જ. ઉપકરણ દ્રવ્ય ઉણોદરી – તે વસ્ત્ર, પાત્ર અને દેહ ઉપયોગી સામગ્રી જરૂરતથી ઓછા રાખે, ભોગવે. ઉપકરણ ઉણોદરીના ત્રણ ભેદ તે એક વસ્ત્ર રાખવું, એક પાત્ર રાખવું, ઈષ્ટ વસ્તુ રાખવી. તે બાહ્ય તપમાં ઉણોદરીનો ભેદ છે.**

૨. પ્રતિસંલીનતા તપનો તેરમો ભેદ કયો છે? સમજાવો.

**જ. વિવિક્ત શય્યાસન સેવન પ્રતિસંલીનતા – સ્ત્રી, પુરુષ, નપુંસક રહિત ઉદ્યાન, ચૈત્ય, દેવાલય, દુકાન, વખાર, સ્મશાન, ઉપાશ્રય આદિ સ્થાને રહીને પાટ, પાટલા, બાજોઠ, પાટીયાં, બિછાના, વસ્ત્ર–પાત્ર આદિ પ્રાસુક, નિર્જીવ, એષણીય અંગીકાર કરી વિચરવું.**

૩. વિગય કેટલા છે? કયા કયા? તે કયા તપનો કેટલામો ભેદ છે?

**જ. વિગય છ છે. ઘી, તેલ, ગોળ, સાકર, દૂધ, દહીં. તે બાહ્ય તપમાં રસપરિત્યાગ તપનો પહેલો ભેદ છે.**

૪. પ્રાયશ્ચિતના કુલ ભેદ કેટલા છે? તેમાંથી નવમો અને દશમો ભેદ લખો.

**જ. પ્રાયશ્ચિત્તના કુલ ભેદ – ૫૦ છે. ૯) પ્રાયશ્ચિત્તમાં આપેલ વિશિષ્ટ તપ જ્યાં સુધી ન કરે ત્યાં સુધી સાધુ**

**સમુદાયની બહાર રાખે પછી નવી દીક્ષા આપે. ૧૦) સાધુ વેશ ઉતરાવી ગૃહસ્થ વેશે છ માસ સુધી સાથે ફેરવી નવી દીક્ષા દેવી.**

પ. વૈયાવચ્ચના છેલ્લા ચાર ભેદના નામ લખીને આભ્યંતર તપના ભેદ કેટલા છે?

**જ. વૈયાવચ્ચના છેલ્લા ચાર ભેદના નામ – ૭) સ્વધર્મીની વૈયાવચ્ચ કરે. ૮) કુળની વૈયાવચ્ચ કરે. ૯) ગણની વૈયાવચ્ચ કરે. ૧૦) સંઘની વૈયાવચ્ચ કરે. આભ્યંતર તપના ભેદ ૫૦+૧૩૪+૧૦+૫+૪૮+૭=૨૫૪ છે.**

૬. કાયોત્સર્ગના કુલ ભેદ લખો. તેમાં દ્રવ્ય કાયોત્સર્ગના ભેદ કેટલા? કયા?

**જ. કાયોત્સર્ગના કુલ ભેદ ૭ છે. તેમાં દ્રવ્ય કાયોત્સર્ગના ભેદ ચાર છે – ૧) શરીરના મમત્વનો ત્યાગ કરે. ૨) સંપ્રદાયના મમત્વનો ત્યાગ કરે. ૩) વસ્ત્ર–પાત્ર આદિ ઉપકરણના મમત્વનો ત્યાગ કરે. ૪) આહાર–પાણી આદિ પદાર્થના મમત્વનો ત્યાગ કરે.**

**(૨) નીચેના કાર્યો કયા તપના છે? (૩)**

| | **જવાબ** |
|---|---|
| ૧. સફેદ કપડા પહેરેલા હોય તેના હાથેથી આહાર લેવો | **વૃત્તિસંક્ષેપ** |
| ૨. વૈયાવચ્ચ ન કરાવે | **અનશન** |
| ૩. બારમી પ્રતિમા અંગીકાર કરવી | **કાયક્લેશ** |
| ૪. વિવિધ પરિણામનો વિચાર કરવો | **ધ્યાન** |
| ૫. સંસારથી દૂર કરે | **સ્વાધ્યાય** |
| ૬. કઠોર ભાષા બોલવી | **વિનયમાં અપ્રશસ્ત વચન વિનય** |

(૧૫)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ગૌતમ સ્વામીનો પરિચય આપો. તેઓ કોના શિષ્ય હતા? તેમના ગુરુ કેવા હતા? ગૌતમ સ્વામી કઈ નગરીના કયા ઉદ્યાનમાં ઉતર્યા? (૫)

**જ. ભગવાન મહાવીર સ્વામીના પ્રથમ શિષ્ય ગૌતમ સ્વામી વિદ્યા, જ્ઞાન અને ચારિત્રમાં પારગામી (નિપુણ) હતા. તેઓ આચારાંગ સૂત્રથી અગિયાર અંગ સૂત્રના જાણકાર, બારમા દષ્ટિવાદ સૂત્રના જ્ઞાતા, તત્ત્વજ્ઞાની, શિષ્યોના પરિવાર સહિત ગૌતમ સ્વામી વિચરતા હતા**

**તેઓ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના શિષ્ય હતા. તેમના ગુરુ રાગ–દ્વેષને જીતનારા, સર્વજ્ઞ, સર્વદર્શી અને લોકમાં દીપક સમાન હતા.**

**ગૌતમ સ્વામી શ્રાવસ્તી નગરીના કોષ્ઠક ઉદ્યાનમાં જ્યાં બાજોઠ આદિ સુલભ હતા, ત્યાં જીવરહિત સ્થાનમાં માલિકની આજ્ઞા લઈને ઉતર્યા.**

૨. કયા બે પ્રકારના ધર્મ હતા? તેમાં શા માટે તફાવત હતો? (૪)

**જ. ચાર મહાવ્રત અને પાંચ મહાવ્રતરૂપ બે પ્રકારના ધર્મ હતા. પ્રથમ તીર્થંકરના સાધુ સરળ અને મંદ મતિવાળા હોય છે. તેથી સાધુઓને સાધુ આચાર સમજવો કઠીન હોય છે. અંતિમ તીર્થંકરના સાધુ વક્ર અને જડ હોય છે. તેથી સાધુઓને સાધુ આચારનું પાલન કરવું કઠીન હોય છે. જ્યારે વચ્ચેના ૨૨ તીર્થંકરના સાધુ ઋજુ અને બુદ્ધિમાન હોય છે. તેથી સાધુઓને સાધુ આચાર સમજવો અને તેનું પાલન કરવું બંને સરળ હોય છે.**

૩. મન રૂપી દોડતા ઘોડાને વશ કરવા શું કરવું જોઈએ? (૨×૩)

**જ. મન રૂપી દોડતા ઘોડાને શ્રુતજ્ઞાન રૂપી લગામથી સમ્યક પ્રકારે વાંચના, પૃચ્છના, પરિયટ્ટણા, ધર્મકથા અને અનુપ્રેક્ષારૂપ ધર્મશિક્ષાથી બાંધીને વશમાં કરવો જોઇએ.**

૪. આત્મશત્રુને જીતવાની શાસ્ત્રોક્ત વિધિ શું છે?

**જ. શ્રુતજ્ઞાનની લગામ દ્વારા સાહસિક આત્મારૂપી ઘોડાને જીતવો જોઇએ. ક્ષમા દ્વારા ક્રોધને, નમ્રતા દ્વારા અભિમાનને, સરળતા દ્વારા માયાને અને સંતોષ દ્વારા લોભને જીતવો જોઇએ. પ્રતિસંલીનતા દ્વારા ઈન્દ્રિયોની અશુભ ક્રિયાને રોકવી જોઇએ.**

પ. કયા સૂર્યનો ઉદય થયો છે? તે શું કરે છે?

**જ. સંસારના મૂળભૂત ચાર ઘાતી કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થયો છે, તે તીર્થંકર મહાવીર સ્વામી લોકના અજ્ઞાન અંધારામાં રહેલ પ્રાણીઓને જ્ઞાનરૂપ પ્રકાશ આપશે.**

**અથવા**

**પ્ર.૩ ભક્તામરના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૨)**

૧. જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં, **નૈવં તથા હતિહરાદિષુ નાયકેષુ ।**
**તેજઃ સ્ફુરન્મણિષુયાતિ યથા મહત્ત્વં, નૈવં તુ કાચ શકલે કિરણા** કુલેડપિ ॥

**અર્થ : આપને વિશે અવકાશ કરેલું જ્ઞાન જેવું શોભી રહેલું છે તેવું હરિહરાદિ મુખ્ય દેવોમાં શોભતું નથી કારણ કે પ્રકાશમાન મણિઓમાં તેજ જેવી પ્રબળતાને પામે છેતેવી સૂર્યના કિરણોને વેરતા કાચના કટકા નથી પામતા.**

૨. નાસ્તં કદાચિદુપયાસિ ન રાહુગમ્યઃ **સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્જગન્તિ ।**
**નામ્ભોધરોદર નિરૂદ્ધ મહાપ્રભાવઃ, સૂર્યાતિશાયિ મહિમાડસિ મુનીન્દ્ર !** લોકે ॥

**અર્થ : હે મુનીન્દ્ર ! આ લોકમાં આપનો મહિમા સૂર્યથી પણ અધિક છે કેમ કે કેવળદર્શનરૂપી સૂર્ય ઉગ્યા પછી તે કદી આથમતો નથી, રાહુ તેને ગ્રહણ કરી શક્તો નથી. ત્રણે જગતને શીઘ્રતાથી એકી સાથે પ્રકાશિત કરી શકો છો, તેમ જ કાળા વાદળા પણ આપના દર્શનરૂપી મહાપ્રભાવને આવરી શક્તા નથી.**

૩. સમ્પૂર્ણ મંડલ **શશાઙ્ક કલા કલાપ, શુભ્રા ગુણાસ્ત્રિભુવનં તવ લઙ્ઘયન્તિ ।**
**યે સંશ્રિતાસ્ત્રિ જગદીશ્વર નાથ મેકં, કસ્તાન્નિવારયતિ સંચરતો** યથેષ્ટમ્ ॥

**અર્થ : સંપૂર્ણ મંડળવાળા ચંદ્રમાની કળાના સમૂહ જેવા ઉજ્જવળ તમારા ગુણો ત્રણે જગતને ઓળંગી વ્યાપી રહ્યા છે. તેથી હે ત્રિલોકીનાથ ! જે એક જ સમર્થ સ્વામીને આશ્રયે સાચી શ્રદ્ધાથી રહેલા હોય, તેવા તે ગુણોને યથેષ્ટ વિચરતા કોણ રોકી શકે?**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૩)**

૧. મેરૂ પર્વતના શિખરને કોણ કંપાવી ન શકે?

**જ. મેરૂ પર્વતના શિખરને પ્રલયકાળનો પ્રચંડ પવન પણ હલાવી ન શકે.**

૨. કયા દેવોને જોયા તે સારું થયું?

**જ. વિષ્ણુ, શંકર આદિ દેવોને જોયા તે સારું થયું.**

૩. વિદિતયોગં અને એકં એટલે શું?

**જ. વિદિતયોગં – મોક્ષમાર્ગની સાધનાના જાણનાર. એકં – જીવ દ્રવ્યની અપેક્ષાએ.**

**જય – જિનેન્દ્ર**